## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આમ તો હું બ્યુટી પાર્લરમાં ખર્ચો કરવામાં માનતી નથી પરંતુ, આ પ્રપોઝ ડે એ કોઈએ મને પ્રપોઝ ન કરી એટલે આવી છું...**

# વિજિલન્સના દરોડા બાદ ફરી કોલવડામાં અશોક ઠાકોરે જુગારધામ શરૂ કરી દીધું

**પેથાપુર પોલીસે દરોડો પાડી વરલી મટકાના જુગારનાં સાહિત્યના જથ્થા સાથે ત્રણ શખ્સોને અડ્ડા પરથી પકડ્યા : દરોડા પહેલા કોઈ પોલીસ કર્મચારી ફુટી જાય છે : બીજી વખત પોલીસનાં દરોડા પહેલા જ મુખ્ય સૂત્રધાર અશોક ફરાર થઈ ગયો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં એક મહિના પહેલા વિજિલન્સની ટીમે દરોડો પાડીને ગેમ્બલર અશોક ઠાકોરના અડ્ડા ઉપરથી વરલી મટકાનો જુગાર અને કલબ પકડી પાડી હતી. આ ગુનામાં જામીન પર છુટેલા અશોકે ફરી કોલવડા ગામમાં જ વરલીમટકાનો જુગાર રમાડવા અડ્ડો શરૂ કરી દીધો હતો. વર્ષોથી પેથાપુર પોલીસમથકમાં નોકરી કરતા પોલીસ કર્મચારીની છુપી મંજૂરીથી અશોકે ફરી અડ્ડો ચાલુ કર્યો હોવાની પણ ચર્ચા છે. જો કે આ બાબત પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈનાં ધ્યાને આવતા તેમની ટીમે દરોડો પાડી ત્રણ શખ્સોને વરલી મટકા જુગારના સાહિત્યના જથ્થા સાથે દબોચી લીધા છે. તો બીજી તરફ મુખ્ય સૂત્રધાર અશોક પોલીસનો દરોડો પડ્યો તે પહેલાં જ રફુચક્કર થઈ ગયો હતો. પોલીસ દરોડો પાડવા પહોંચે તે પહેલાં જ અશોક ફરાર થઈ જતો હોય છે જે બાબત સંકેત આપે છે કે સ્થાનિક પોલીસમાંથી તેને કોઈ ફુટી ગયેલી



પોલીસ મારફતે દરોડા અંગેની જાણ થઈ જાય છે.

પેથાપુર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખુદ પી.એસ.આઈ એ.જી.એનુરકારને બાતમી મળી હતી કે કોલવડા ગામમાં નિશાળ ખાતે કેટલાક શખ્સો વરલી-મટકાનો જુગાર રમાડી રહ્યા છે. એક મહિના પહેલા વિજિલન્સની ટીમે કોલવડામાં દરોડો પાડીને જે ગેમ્બલરનું જુગારનું સ્ટેન્ડ પકડ્યું હતું, તે અશોક ઠાકોર એ જ આ અડ્ડો ફરી ચાલુ કરી દીધો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમ તાબડતોબ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને દરોડો પાડીને અડ્ડા પરથી ત્રણ શખ્સોને વરલી મટકાના જુગારના સાહિત્યના જથ્થા સાથે પકડી પાડયા હતા. નવાઈની વાત તો એ છે કે અગાઉ જ્યારે દરોડો પડ્યો ત્યારે પણ પોલીસ પહોંચે તે પહેલા ગેમ્બલર અશોક ફરાર થઈ ગયો હતો અને આજે જ્યારે પેથાપુર પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે પણ મુખ્ય સૂત્રધાર અશોક ફરાર થઈ ગયો હતો. એટલે કે પોલીસ અધિકારીઓ દરોડો પાડવા નીકળે તે સમયે જ અશોકને તેના ત્યાં દરોડો પડે છે તેને જાણ થઈ જાય છે. સ્થાનિક પોલીસ મથકના જુના જોગી પોલીસ કર્મચારી અશોકને છુપી મંજૂરી આપતા હોવાની પણ ચર્ચા છે. આ બાબતની ઉચ્ચ સ્તરેથી ગંભીર નોંધ પણ લેવામાં આવી છે. પેથાપુર પોલીસે સ્થળ પરથી કોલવડા ગામના રાજુ સરદાર લુહાર, દિનેશચંદ્ર રવિશંકર પુરોહિત અને દિનેશ કરસન ઠાકોર મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૧૫,૭૨૨ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ વોન્ટેડ આરોપી અશોક કેશાજી ઠાકોરની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જાણીતા અભિનેતા જનક ઠક્કર રાષ્ટ્રીય ભાજપા પોષ્ટર બોય, 'મેરા પરિવાર ભાજપા પરિવાર'

ગાંધીનગર, તા. ૧૨

આજે તા. ૧૨-૨-૨૦૧૯ના રોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશ લેવલ પર નવું કેમ્પેન 'મેરા પરિવાર ભાજપા પરિવાર' અમદાવાદથી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં ભાજપાના સિનિયર નેતા અને ગુજરાતના પ્રભારી ઓમજી માથુર, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા પ્રમુખ જીતુભાઈ વાઘાણી તથા ગુજરાત પ્રદેશના વરીષ્ઠ આગેવાનો તથા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા. મેરા પરિવાર ભાજપા પરિવાર કેમ્પેઈનમાં દરેક કાર્યકર્તાના ઘર ઉપર



ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ અને મેરા પરિવાર ભાજપા પરિવારનું સ્ટીકર લગાવવામાં આવશે. ૫ કરોડ કરતાં પણ વધારે ભારતીય જનતા પાર્ટીના ધ્વજ અને સ્ટીકર લગાવવામાં આવશે. આ કેમ્પેઈન અંતર્ગત જનક ઠક્કરે પણ એમના નિવાસસ્થાને ભાજપાનો ધ્વજ લગાવી કાર્યક્રમને સમર્થન આપ્યું. આ દેશ લેવલ કેમ્પેઈનના જેની શરૂઆત અમદાવાદથી શરૂ કરવામાં આવી. આ કેમ્પેઈનના 'ફેસ' તરીકે જાણીતા અભિનેતા જનક ઠક્કરની આખા દેશ લેવલે પસંદગી કરવામાં આવી તે ગુજરાત માટે અને ગાંધીનગર માટે ગૌરવની વાત છે. જનક ઠક્કર ઘણી બધી ફિલ્મ અને સિરીયલમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરેલ છે. જેમની છેલ્લી સિરીયલ 'સુરી' કલર્સ ગુજરાતી ઉપર આવતી હતી. તેને ખુબ લોકચાહના મેળવી અને જનક ઠક્કરને આ સીરીયલ માટે બેસ્ટ ગુજરાતી અભિનેતાનો એવોર્ડ, જનક ઠક્કર સ્વચ્છ ભારત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર, જનક ઠક્કર ગુજરાત પ્રદેશ યુવા મોરચાના કારોબારીના સભ્ય પણ છે. આ અભિયાનમાં મારી પસંદગી કરી એ બદલ ભારતના યશસ્વી લોકપ્રીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભાજપા અધ્યક્ષ અમિતભાઈ શાહનો ખુબ ખુભ આભાર માનુ છુ તથા સમગ્ર ગુજરાત ભાજપા સંગઠનનો પણ આભારી છુ. આ અભિયાનમાં વધારેમાં વધારે લોકો દેશને મજબુત બનાવવા જોડાય એવી જનક ઠક્કર હું વિનંતી કરૂ છુ.

# સેક્ટર-૪ની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૨

વાતાવરણમાં સતત આવી રહેલા પલ્ટાને પગલે ગાંધીનગરમાં સ્વાઈન ફલુ કેસ ઉત્તરોત્તર વધી રહ્યા છે. અત્યાર સુધી શહેરમાં સ્વાઈન ફલુના ૧૨ પોઝીટીવ કેસ નોંધાયા છે. સેક્ટર-૪ની ૨૮ વર્ષિય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા તેની સઘન સારવાર ચાલી રહી છે.

આ વર્ષે સ્વાઈન ફલુએ કહેર મચાવ્યો છે. સ્વાઈન ફલુ પોઝીટીવની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ તેના કેસ જોવા મળી રહ્યા છે. સેક્ટર-૪ની ૨૮ વર્ષિય મહિલાને છેલ્લા કેટલાક દિવસોથી શરદી, ખાંસી અને તાવમાં સપડાઈ હતી. આ મહિલાનો સ્વાઈન ફલુનો ટેસ્ટ કરવામાં આવતા તે તે પોઝીટીવ આવ્યો છે. આથી મહિલાને સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે. આ વર્ષે ગાંધીનગરમાં સ્વાઈન ફલુના ૧૪ જેટલા પોઝીટીવ કેસ નોંધાયા છે. ગાંધીનગર મહાનગર પાલિકાએ દર્દીઓની સંખ્યા ન વધે તે માટે સઘન પગલાં લેવાનુ શરૂ કર્યુ છે. દર્દીઓના સગાઓને ટેમી ફલુની દવા આપવામાં આવી છે. આસપાસના વસાહતીઓને પણ તપાસવામાં આવી રહ્યા છે.

## ગાંધીનગરના યુવાનને બેસ્ટ રીસર્ચ પેપર માટે એવોર્ડ

ગાંધીનગર શહેરના ચિરાગ જાનીએ ભાભા નેશનલ રીસર્ચ એકેડમીના દ્વિતીય ઈન્ટર નેશનલ સેમિનારમાં બેસ્ટ રીસર્ચ પેપરનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. ચિરાગ જાની હાલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં વરિષ્ઠ નાગરિકો ઉપર પીએચ.ડી. કરી રહ્યા છે અને ૨૧મી સદીમાં વરિષ્ઠ નાગરિકોની સામાજીક અને સુરક્ષાનું રક્ષણ ગુજરાત રાજ્યના સંદર્ભમાં અર્પિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ રાજકોટ મુકામે એવોર્ડ એનાયત થયો હતો.

# રૂપાલ-રાંધેજા રોડ પર હિટ એન્ડ રન : ચાર વર્ષના બાળકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ-રાધેજા રોડ ઉપર વધુ એક હિટ એન્ડ રનની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. રૂપાલ ગામમાં બે દિવસ પહેલા યોજાયેલા મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં હાજરી આપીને ચાલતા ચાલતા ઘરે પરત ફરી રહેલી માતાને રસ્તો ક્રોસ કરતી વખતે રોંગ સાઈડથી આવતા ઈકો કારના ચાલકે જબરદસ્ત ટક્કર મારી હતી. માતા તેના ચાર વર્ષના દીકરાને તેડીને રસ્તો ઓળંગી રહી હતી ત્યારે ઈકો કારની ટક્કર લાગતા દીકરો ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો જેને પગલે તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં લઈ જવાયો હતો. સિવિલ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા ચાર વર્ષના દીકરાનું સારવાર દરમિયાન કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. આ મામલે માતાની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા ઈકો કારના ચાલક સામે ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરૂ કરી છે.

**દીકરાને તેડીને રસ્તો ક્રોસ કરતી માતાને રોંગ સાઈડથી આવતી ઈકોગાડીએ અડફેટે લઈ લીધી : ગંભીર રીતે ઘવાયેલા બાળકનુ સારવાર દરમિયાન મૃત્યુઃ અકસ્માત સર્જીને આરોપી ઈકો ચાલક ફરાર**

મળતી માહિતી મુજબ રૂપાલ ગામમાં રહેતા ૨૬ વર્ષીય વર્ષાબેન રાજુજી ઠાકોરને પતિ સાથે મનમેળ ન હોવાથી પિયરમાં પોતાના પિતા સાથે રહે છે. તેમને બે સંતાનોમાં એક સાત વર્ષની દીકરી અને બીજો ચાર વર્ષનો દીકરો સચિન છે. ૧૦મી ફેબ્રુઆરીએ રૂપાલ ગામમાં રબારી સમાજના મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠાનો કાર્યક્રમ હતો. વર્ષાબેન તેણીના ચાર વર્ષીય દીકરા સચિનને તેડીને ચાલતા ચાલતા આ કાર્યક્રમમાં ગઈ હતી અને પ્રસાદી લઈને સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં ચાલતા ચાલતા પરત ઘર તરફ જઈ રહી હતી. રૂપાલ રાધેજા રોડ પર આવેલી સીતારામ હોટલની સામે વર્ષાબેન પોતાના દીકરા સચિનને તેડીને રસ્તો ક્રોસ કરી રહી હતી તે દરમિયાન આ રોડ ઉપર થી બેફામ ગતિએ રોંગ સાઈડમાં જીજે ૯ બીઈ ૯૬૬૧ નંબરની એક ઈકો ગાડી નીકળી હતી અને તેના ચાલકે દીકરો તેડીને જતા વર્ષાબેનને જબરદસ્ત ટક્કર મારી દીધી હતી. અકસ્માત સર્જીને ઈકો ચાલક કાર સાથે જ ફરાર થઈ ગયો હતો. પરંતુ તેને ગાડીનો નંબર રાહદારીઓએ નોંધી લીધો હતો. તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા સચિન અને તેની માતા વર્ષા બંનેને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વર્ષાબેનને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

પરંતુ આ અકસ્માતમાં ચાર વર્ષીય દીકરા સચિનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેને પગલે વધુ સારવાર અર્થે ગાંધીનગરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે રીફર કરવામાં આવ્યો હતો. ગઈકાલે સવારે સચિનનું સારવાર દરમિયાન અમદાવાદમાં મૃત્યું નિપજ્યું હતું. સમગ્ર ઘટનાથી પરિવારજનો તથા રૂપાલ ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. વર્ષાબેનની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે ઈકો કારનો નંબર નોંધીને તેના અજાણ્યા ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.


# સમર્પણ કોલેજમાં હેલ્થ અવેરનેસ એન્ડ થેલેસેમિયા ચેકઅપ યોજાયું

ગાંધીનગરના સેક્ટર-૨૮ સ્થિત સમર્પણ કોલેજના એલ્યુમ્ની એસોસિએશન 'આસ' દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજમાં હેલ્થ અવેરનેસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ સાથે તા. ૯મી ફેબ્રુઆરીથી થેલેસેમિયા નિદાન અભિયાનનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

સમર્પણ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાથી મંડળ-આસ દ્વારા શહેરની યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ પ્રથમાના તબીબોની ટીમે હેલ્થ અવેરનેસ કેમ્પ તેમજ થેલેસેમિયા નિદાન અભિયાન માટે વિશેષ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આસ ઉપરાંત હેલ્થ એન્ડ એનએસએસ કમિટીના સભ્યો પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલા, પ્રો. શ્વેતા પવાર, ડૉ. હેમંત વૈષ્ણવ, ડૉ. મનીષા રબારી, પ્રો. એન.એન. પટેલ તથા અન્ય સાથી મિત્રો ડૉ. સમીર ભટ્ટ, પ્રોત શમીમ ઘાંચી, પ્રો. પૂનમ પટેલ અને પ્રો. દર્શન પુરાણીએ જહેમત ઉઠાવી હતી.

## આદિવાડા ગામમાં પણ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગરના સેક્ટર-૨૮માં સમાવિષ્ટ આદિવાડા ગામમાં સમર્પણ કોલેજના એનએસએસ યુનિટના શિબિરાર્થીઓ દ્વારા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટીની ટીમે ૫૭ લાભાર્થીઓના રોગનું નિદાન કરી



જરૂર મુજબ વિના મૂલ્યે દવાઓ આપી હતી. કેમ્પના આયોજક પ્રો. નિતેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિબિરાર્થીઓએ શૈક્ષણિક સંકુલમાં સ્વચ્છતા અભિયાન પણ હાથ ધર્યુ હતુ.



વસંતોત્સવ : પાટનગરના પાદરમાં સંસ્કૃતિક કૂંજ ખાતે પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૮મીથી આરંભાશે. દેશ - પ્રદેશના વિવિધ કલાકારો દ્વારા વૈવિધ્યસભર નૃત્યોની રમઝટ ચાલશે. ગાંધીનગરના નગરજનોને ઘરઆંગણે કાશ્મીર થી કન્યાકુમારી સુધી અને ગૌહાટી થી કચ્છ સુધીના લોકનૃત્યો માળવા મળશે. ગાંધીનગર અને આસપાસના કલાપ્રેમીઓ સંસ્કૃતિ કૂંજના વસંતોત્સવની રાહ જોતા હોય છે.

# નરોડા-ચિલોડા હાઈવે પર વૃદ્ધાના માથા પરથી વાહન ફરી વળ્યું

**બ્રીજનું કામ ચાલુ હોવાથી એકટીવા સ્લીપ થઇ ગયું ને વૃદ્ધા રોડ પર નીચે પડી ગયા, પાછળથી આવતું વાહન તેમના માથા પરથી નીકળી ગયું..!**

ગાંધીનગર, તા.૧૨

નરોડા- ચિલોડા હાઈવે ઉપર બ્રિજનું કામ ચાલી રહ્યું હોવાથી આ હાઈવે પર જીવલેણ અકસ્માતના બનાવો નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. રવિવારે આ હાઈવે ઉપર સર્જાયેલો અકસ્માત રુવાડા ઉભા કરી નાખે તેવો હતો. નવા નરોડા ખાતે રહેતા કમલેશભાઈ કાંતિલાલ પંડ્યા તેમની વૃદ્ધ માતા કમળાબેન અને તેમની બહેનને એકટીવા ઉપર બેસાડીને રવિવારે સવારે ઈસનપુર મોટા ગામે ત્રણ સવારી ગયા હતા. ઈસનપુર મોટા ગામમાં જ પ્રસંગે હાજરી આપીને પરિવારના ત્રણેય સભ્યો સાંજે એકટીવામાં પરત નવા નરોડા પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. આ હાઈવે ઉપર બ્રિજનું તથા રોડનુ કામ ચાલી રહ્યું હોવાથી કમલેશભાઈ પોતાનું એકટીવા રોડના છેડે ચલાવી રહ્યા હતા. લવારપુર ગામના પાટીયાથી થોડે આગળ તેમનું એકટીવા પહોંચ્યું કેટલા માં એક્ટિવાના ટાયર રોડની કિનારીથી નીચે ઉતરી જતાં એકટીવા સ્લીપ થઈ ગયું હતું. એકટીવા પરથી ભાઈ બહેન બંને રોડની સાઈડમાં પડી ગયા હતા જ્યારે વૃદ્ધ માતા કમળાબેન ફંગોળાઈને રોડની વચ્ચે પડ્યા હતા. એકટીવા સ્લીપ થઈને કમળાબેન ઉછળીને જેવા રોડ પર પટકાયા કે પાછળથી બેફામ ગતિએ આવતા અજાણ્યા વાહનના ટાયર તેમના માથા પરથી નીકળી ગયા હતા અને અજાણ્યા વાહનનું ટાયર ફરી વળતાં વૃધ્ધાનું માથું છુંદાઈ ગયું હતું અને સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. પુત્ર કમલેશભાઈની ફરિયાદના આધારે ડભોડા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આયોજિત ઉધોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનો પ્રાંરભ

ગાંધીનગર, તા. ૧૨

કોઈ લક્ષ્ય કે ધ્યેયને હાંસલ કરવા માટે દૃઢ મનોબળથી કાર્ય




કરવામાં આવે, તો તે હમેંશા હાંસલ થાય છે, તેવું આજરોજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ઈ.ડી.આઈ.આઈ. કેમ્પસમાં શરૂ કરવામાં આવેલા ઉધોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમને ખુલ્લો મુકતાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાજયના અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓ માટે ઈ.ડી.આઈ. આઈ., ભાટ ખાતે ઉધોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરીને મંત્રી ઈશ્વરભાઈ પરમારે વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ થકી ચાલનાર કોર્ષનો તાલીમાર્થી આવતીકાલનો બિઝનેશ આઈકોન પણ બની શકે છે.

કાર્યક્રમના આરંભે ઈ.ડી.આઈ.આઈ.ના નિયામક ડૉ. સુનિલ શુકલાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ સંસ્થાના પ્રોઝેકટ નિયામક એસ.બી. સરીને તાલીમ વિશેની વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના ફેકલટી પ્રકાશ સોલંકીએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના એમ.ડી ડી.એસ. ગઢવી, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક પ્રકાશ સોલંકી સહિત મોટી સંખ્યામાં વિવિધ કોર્ષના તાલીમાર્થીઓ અને સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જાણીતા સ્ટોક-શેર ઈન્વેસ્ટર રજની સંઘવીનું હૃદયરોગના હુમલામાં દુઃખદ નિધન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના જાણીતા અને અભ્યાસુ સ્ટોક -શેર ઈન્વેસ્ટર રજનીભાઈ સંઘવીનું હૃદયરોગના હુમલાથી સોમવાર, તા.૧૧મી ફેબ્રુઆરીએ દુઃખદ નિધન થયું છે. તેઓ ૬૬ વર્ષના હતા. વાંચન-લેખન અને ચિંતનના આગ્રહી રજનીભાઈ સંઘવી સ્મોલ એન્ડ મીડ કેપ શેરોના સેકન્ડરી માર્કેટના બેતાજ બાદશાહ હતા.

ગાંધીનગરના વૉરન બફેટનું બિરૂદ પામેલા રજનીભાઈ સંઘવી ગહન અભ્યાસ અને ઊંડાણપૂર્વક રિસર્ચ કરીને જ રોકડાના શેરોમાં રોકાણ કરતા. ગાંધીનગરમાં અંદાજે ૨૦૦૦ જેટલા સ્ટોક-શેર રોકાણકારો નિયમીત રીતે તેમનું માર્ગદર્શન મેળવીને ઈન્વેસ્ટમેન્ટ કરતા. મુંબઈ અને અમદાવાદમાં પણ બહોળો ચાહકવર્ગ ધરાવતા રજનીભાઈ સંઘવી જે શેર કે સ્ટોકમાં રોકાણ કરતા તે સ્ક્રીપ્ટનું મૂલ્ય વધી જતું હતું, એટલું જ નહીં મુંબઈ અને અમદાવાદના શેર બજારમાં તે સ્ક્રીપ્ટ તરફનો રોકાણકારોનો દૃષ્ટિકોણ પણ બદલાઈ જતો હતો.

રજનીભાઈ સંઘવીએ ગાંધીનગરમાં જ સ્ટોક-શેર ઈન્વેસ્ટમેન્ટ માટે રિસર્ચ સેન્ટર બનાવ્યું હતું. તેઓ સતત માર્કેટ રિસર્ચ કરતા રહેતા અને ઈન્વેસ્ટમેન્ટ માટે માત્ર અને માત્ર પોતાના રિસર્ચ પર જ આધાર રાખતા હતા. રજનીભાઈ સંઘવી ટ્રેડીંગમાં નહોતા માનતા. સ્ક્રીપ્ટ ખરીદ્યા પછી લાંબા સમય સુધી તેઓ જે તે સ્ક્રીપ્ટમાં મૂડી રોકી રાખતા હતા.

રજનીભાઈ સંઘવી ગાંધીનગર-અમદાવાદના ઈન્વેસ્ટર્સમાં ખૂબ જ લોકપ્રિય હતા. રજનીભાઈ સંઘવીની ટીપ લેવા માટે ઈન્વેસ્ટર્સ આતુર રહેતા હતા. રોકાણકારોએ 'આર.કે.'ઝ સ્ટોક ઈન્વેસ્ટર્સ' નામનું વોટ્સએપ ગૃપ પણ બનાવ્યું હતું. જેમાં સંઘવી નિયમીત પોતાની ટીપ આપતા. આ ગૃપમાં મુકાયેલી ટીમ મેળવવા ઈન્વેસ્ટર્સ હંમેશા ઉત્સુક રહેતા.



શેર-સ્ટોક ઈન્વેસ્ટમેન્ટ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાંપ્રત પ્રવાહોના તેઓ પ્રખર અભ્યાસુ હતા. વાંચન એમનો મુખ્ય શોખ હતો. તેમની અંગત લાયબ્રેરીમાં ૧૦,૦૦૦થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. રમત-ગમતના શોખીન સંઘવી બેડમિન્ટનના સારા ખેલાડી હતા. ફૂટબોલના તેઓ ચાહક હતા. આ રમતોના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની સંપૂર્ણ માહિતી તેમને આંગળીના વેઢે રહેતી.

ગુજરાતી ઉપરાંત અંગ્રેજી સાહિત્યમાં પણ તેમને વિશેષ રૂચી હતી. તેમને ગમેલા લેખો-વાક્યો તેઓ ઝેરોક્ષ કઢાવીને પોતાના મિત્રવર્તુળમાં વાંચન માટે મોકલતા, એટલું જ નહીં એ અંગે વિચાર વિમર્શ પણ કરતા.

રજનીભાઈ સંઘવીની અંતિમયાત્રા તા.૧૩ ફેબ્રુઆરીને બુધવારે સવારે ૧૦ વાગ્યે તેમના નિવાસસ્થાન; પ્લોટ નં. ૨૩૮, આનંદવાટિકા સોસાયટી, જૈન દેરાસરની પાછળ, સેકટર-૨૨,ગાંધીનગરથી નિકળીને સેક્ટર-૩૦ના સ્મશાનગૃહે જશે.

સ્વર્ગસ્થનું બેસણું અને પ્રાર્થનાસભા તા.૧૪મી ફેબ્રુઆરીને ગુરુવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની બાજુમાં, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)
**જાહેર નિવિદા ક્રમાંક : ૨૮ / ૨૦૧૮-૧૯**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરની કચેરીમાં ઈપીએબીએક્ષ સીસ્ટના કોમ્પ્રીહેન્સીવ વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ અન્વયે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી ઈસ્યુ કરવામાં આવશે. જે રૂ. ૫૯૦/- (નોન રીફન્ડેબલ)ના ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે કંપનીના લેટરપેડ પર અરજી કરવાથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની તા. ૧૬/૨/૨૦૧૯ સુધી રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડરો તા. ૨૧/૨/૨૦૧૯ સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી બંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર પર ''ઈપીએબીએક્ષ સીસ્ટમના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ'' એવું અવશ્ય લખવું. આવેલ ભાવપત્રક શક્ય હશે તો તા. ૨૨/૨/૨૦૧૯ના રોજ ૧૨ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂમાં ખોલવામાં આવશે.

**જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**ભોંયતળીયે, સેક્ટર નં. ૧૦એ, નિર્માણ ભવન, ગાંધીનગર**
માહિતી/૨૯૨૩/૧૮-૧૯

**નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧**
**સહયોગ સંકુલ, વીંગ-એ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**
**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૩ સને (૨૦૧૮-૧૯)**

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર પીન નં. ૩૮૨૦૧૧ ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૧૦૯ દ્વારા સંત સરોવર (ઈ) રીચાર્જ યોજના ઉપર સીક્યુરીટી સર્વિસીસ તથા મેનપાવર સર્વિસના કામો માટેના ઓનલાઈન ટેન્ડર નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા માન્ય ગુજરાત રાજ્યમાં નોંધાયેલ તેમજ સદર બાબતે લાયક ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૧૨/૨/૨૦૧૯થી ડાઉનલોડ કરી શકાશે અને સબમીશનની છેલ્લી તારીખ ૨૫/૨/૨૦૧૯, ૧૮-૦૦ કલાક સુધી રહેશે. ઈ-ટેન્ડરની વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ www.nwrnprocre.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.
માહિતી/૧૯૧૮/૧૮-૧૯